રે. દિ. મુ. નં.૩૦/૨૦૨૫.

:: આંક–૫ ની અરજી તળે હુકમ ::

(૦૧) વાદીએ હાલનો દાવો જાહેરાત તથા મનાઇ હુકમ માટે દાખલ કરેલ છે. જેની ટુંક હકીકત નીચે મુજબ છે.

અમો વાદી વંથલી તાલુકાના આખા ગામ ખાતે સિમ વિસ્તારમાં વસવાટ કરીએ છીએ તેમજ લઘુમતી વર્ગના હોઈએ, તેમજ ખેતીકામ કરી અમો અમારા કુટુંબનું ગુજરાન ચલાવીએ છીએ. વંથલી તાલુકાના આખા ગામમાં રેવન્યુ સરવે નં. ૮૧૩ જેનુ હાલનું ક્ષેત્રફળ હે.આ. ૨–૯૫–૪૦ ચો.મી. છે. જેના પ્રમોલગેશન પહેલાના રે.સનં.૧૭૨ જેનું ક્ષેત્રફળ હૈ.આ.૩–૦૪–૫૩ ચો.મી. છે. સદરહુ ઉપરોકત જણાવેલ રે.સનં. ૮૧૩ મા આવેલ રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ તથા કુવાનો અમો અમારા કુટુંબ સાથે, અમારા ગુજ. પિતાશ્રીની હયાતી દરમ્યાનથી ઉપયોગ કરીએ છીએ સદરહુ આ રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયા સિવાય અમો પાસે અન્ય કોઈ રહેણાકની કે પસુ બાંધવાની વ્યવસ્થા નથી. સદરહુ આ રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ જેનું વર્ષો પહેલા અમારા પિતાશ્રીની હયાતી દરમીયાન આશરે ૪૦/૫૦ વર્ષ પહેલા ખેતીકામ કરી રકમ એકઠી કરી રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ તથા કુવો કરવામા આવેલ છે. સદરહુ રહેણાક મકાન અમોએ અમારી કાયદાની અજ્ઞાનતા અને અણસમજના કારણે બીન ખેતીમા ફેરવ્યા વગર બનાવેલ હોય જે અંગેની નોંધ અમારી રે.સ.નં.૮૧૩ વાળી જમીનમા થયેલ નથી પરંતુ સદરહુ રે.સં.ન.૮૧૩ વાળી જમીનના બીજા હકકમા નોંધ અનું. નં.૩૫૭૩ થી નોંધ પણ થયેલ છે. પરંતુ સદરહુ રહેણાક મકાન તથા કુવા ઉપર પી.જી.વિ.સી.એલ.કુ. દવારા વીજ કનેકશન પણ આપેલ છે.

સદરહુ રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયનું વર્ણન તથા ચતુઃસિમા નિચે મુજબ છે.

વર્ણન :– સદરહુ રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુતયા કુંવો અમારી માલીકીના રેવન્યુ સરવે નં. ૮૧૩ જેનુ હાલનું ક્ષેત્રફળ હે.આ. ૨–૯૫–૪૦ ચો.મી. છે. જેના પ્રમોલગેશન પહેલાના રે.સ.નં.૧૭૨ જેનું ક્ષેત્રફળ હે.આ.૩–૦૪–૫૩ ચો.મી. વાળી જમીનના ઉતર દીશામા આવેલ છે.

ચતુ:સિમા :– પુર્વે : ઉમરભાઈ હાસમભાઈ દલના મકાન આવેલ છે. પશ્ચિમે: અમો વાદીની અન્ય ખેતીની જમીન તથા લાખાભાઈ સાંગાભાઈ ની ખેતીની જમીન આવેલ છે. ઉતરે : જાહેર રસ્તા બાદ સરકારી ખરાબાની રે.સનં. ૮૨૬ વાળી ખેતીની જમીન આવેલ છે. દક્ષીણે : અમો વાદીની ખેતીની જમીન આવેલ છે.

ઉપરોકત પારામા જણાવેલ વિગત વર્ણનવાળુ આવેલ રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ તથા કુવો જેનો કાયદેસર કબ્જો ભોગવટો છેલ્લા આશરે ૪૦/૫૦ વર્ષથી સતત અમારી પાસે આવેલ છે. આજે પણ અમારા કબ્જા, ભોગવટામાં છે, જેનો ઉપયોગ અમો સતત શાંતિથી કોઈપણ અટકાયત, અવરોધ વગર કરીએ છીએ, જે રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ તથા કુવાનો અમો અવિરત પણે વર્ષોથી ઉપયોગ કરીએ છીએ, આ રહેણાક મકાન સિવાય અમારી પાસે અન્ય કોઈ અમારા રહેણાક અંગેની કોઈ વ્યવસ્થા નથી કે પસુ બાંધવાની અન્ય કોઈ વ્યવસ્થા નથી. સદરહુ અમોના આ રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ તથા કુવો અમારી માલીકીની આખા ગામના રે.સ.નં.૮૧૩ જેના પ્રમોલગેશન પહેલાના રે.સં.ન.૧૭૨ વાળી જમીનમા બનાવેલ છે. પરંતુ સરકારશ્રી દવારા રી–સર્વે પ્રમોલગેશન થતા સરદહુ અમારી જમીનના જુના સરવે નં.૧૭૨ જેનું ક્ષેત્રફળ હે.આ. ૩–૦૪–૫૩ ચો.મી. હતું તે નવો આકાર તથા નવા સરવે નં. તથા નવુ ક્ષેત્રફળ અસ્તીત્વમા આવતા અમારી સદરહુ ખેતીની જમીનનો નવો સરવે નં.૮૧૩ તથા ક્ષેત્રફળ હે.આ. ૨–૯૫–૪૦ ચો.મી. ક્ષેત્રફળ અસ્તિત્વમા આવેલ જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ હકક પત્રક નોંધ અનું નં. ૩૫૬૯ થી પ્રમાણીત થયેલ છે.

આમ અમો વાદીની ખેતીની જમીનનું ક્ષેત્રફળ આશરે હે,આ. ૦–૦૯–૧૩ ચો.મી. જેટલું પ્રમોલગેશન બાદ ઘટીને આવેલ તે ઘટતી જમીનમા અમો વાદીના સદરહુ રહેણાક મકાન અને કુવો આવેલ છે. સદરહુ હે.આ. ૦–૦૯–૧૩ ચો.મી. જેટલું પ્રમોલગેશન બાદ ઘટીને આવેલ ક્ષેત્રફળ સંદર્ભે અમો વાદીઓ દવારા ડી.એલ.આર. કચેરી જુનાગઢ ખાતે વાંધા અરજી પણ દાખલ કરવામા આવેલ હોય જે હાલ પેન્ડીંગ છે તેમજ સદરહું રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ અનુસંધાને આવેલ સરનામા મુજબ સરકારી રેકર્ડમાં પણ કાયદેસર વર્ષોથી નોંધ થયેલ છે. જે અંગે આધાર કાર્ડ તથા રાશનકાર્ડ પણ આ કામમાં અમો રજુ કરીએ છીએ, આ રીતે સદરહું આ રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ ઉપર જણાવ્યા મુજબ છેલ્લા ઘણા વર્ષોથી અમારા કબ્જા ભોગવટામાં આવેલ હોય જેથી કાનુની રીતે સદરહું આ રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ તથા કુવામા અમારૂ કાયદેસર રીતે હકક અધિકાર આવેલ છે તેમજ પી.જી.વી.સી.એલ મારફત અમોને સદરહુ રહેણાક મકાનમાં વિજ કનેક્શન પણ આપવામા આવેલ છે. જેના ગ્રાહક નં. 88735/00864/4 છે. તેમજ કુવા ઉપર પણ પી.જી.વી.સી.એલ. કચેરી મારફત અમોને ૩ (થ્રી) ફેઝ વિજ કનેકશન પણ આપવામાં આવેલ છે. જેના ગ્રાહક નં. 88735002468 છે. જેથી અમારા વર્ષો જુના રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ તથા કુવામાં આવેલ કબ્જા ભોગવટામા અટકાયત, અવરોધ કે અડચણ કરી સકાય નહી, અને જો કરવામાં આવે તો તે પ્રવૃતિ કાયદા વિરૂધ્ધ ની ગણાય જેને અટકાવવી ખુબજ જરૂરી અરજન્ટ અને ન્યાયના હિતમા છે.

આ રીતે ઉપર જણાવ્યા મુજબ અમારા આધાર પુરાવા રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયાના કબ્જા ભોગવટા તે અનુંસંધાને લેખીત આધાર પુરાવા આપી તમામ હકીકતથી મામ. કચેરી સમક્ષ આ તમામ રેકર્ડ હોવા છતા પ્રતિવાદી નં.૧ તથા ૨ ના એ આખા ગામના અમુક લોકો અમારી સામે વેરવૃતિ રાખી અમારી વિરૂધ્ધ તદ્દન ખોટી હકીકતો ઉપજાવી કાઢી પ્રતિવાદી નં. ૩ ની કચેરી સાથે મીલાપી અમારી ગેરહાજરીમાં સ્થાનીક જગ્યાએ પંચનામુ કરવામા આવેલ છે અને તે અનુંસંધાને પ્રતિવાદી નં.૩ ના અમો સામે તદન ખોટી અને પાયાવિહીન હકીકતો ઉપજાવી કાઢી મામ. કચેરી સમક્ષ જમીન મહેસુલ ધારાની કલમ ૬૧ હેઠળ પ્રતિવાદી નં.૧ તથા ૨ ને ફરીયાદી બનાવી અમોને સામાવાળા તરીકે પક્ષકાર જોડી નોટીસ આપેલ જે મુજબ અમો વાદીઓ દવારા આખા ગામના રે.સં.ન.૮૨૬ વાળી જમીનમા પેશકદમી કરી છે તેવુ જણાવી પેશકદમી કેસ નં.૬/૨૦૨૪ થી દાખલ કરવામાં આવેલ, ખરી હકીકતેઆખા ગામના રે.સં.ન.૮૨૬ વાળી જમીનમા પેશકદમી કરી નથી, સદરહુ મકાન તથા કુવો અમોએ અમારી ખેતીની જમીન ૮૧૩ વાળી જમીનમા બનાવેલ છે. જે પ્રમોલગેશન થતા ઘટતી જમીનમા છે. જે કામમા અમોએ તમામ સત્ય હકીકતો સાથે અને લેખીત આધાર પુરાવા સાથે વાંધા-જવાબ તથા લેખીત દલીલ રજુ કરેલ પરંતુ પ્રતિવાદી નં. ૩ ના એ અમારા તરફે રજુઆત તથા લેખીત આધાર પુરાવાને યોગ્ય રીતે ધ્યાને લીધા વગર તેમજ પુરાવા અધિનીયમ મુજબ રજુ થયેલ પુરાવાઓને યોગ્ય રીતે ધ્યાને લીધા વગર તથા થયેલ રજુઆત ને યોગ્ય રીતે વિવરણ પણ કરવામા આવેલ નથી અને કાયદાના મુદ્દાઓ વર્ષો જુનો કબ્જો ભોગવટ અને માલીકીના રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ અંગેની અન્ય કોઈ વ્યવસ્થા ન હોવા અંગે તથા અમારી માલીકીમા મકાન તથા કુવો હોવાની હકીકતો ધ્યાને લીધા વગર અમારી વિરૂધ્ધ તા. ૨૨/૧૨/૨૦૨૪ ના રોજ હુકમ કરેલ છે, તે હુકમ કરવામા કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરવામા આવેલ છે, થયેલ હુકમ કાનુની રીતે રદ થવા પાત્ર છે તેમજ પ્રતિવાદી નં. ૩ તરફથી જે હુકમ થયેલ છે, જેમાં પોતે જાતે જજમેન્ટના વિવરણમાં સ્પષ્ટ ઉલ્લેખ કરે છે કે, રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ તથા કુવા માટે કબ્જા અંગેની વિગત દર્શાવવામાં આવેલ છે. જે ઉપરથી સ્પષ્ટ સાબિત થાય છે કે, વાદગ્રસ્ત રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ જે રહેણાકના હેતુ માટે જ ઉપયોગ કરવામાં આવે છે. છતાં પણ આ સંબંધે કોઈ બાબત લક્ષ્યમાં લેવામાં આવેલ નથી તેમજ અમો વાદીની ખેતીની જમીનની ફેર માપણી બાબત ડી.એલ.આર.કચેરી -જુનાગઢ સમક્ષની અરજી પેન્ડીંગ હોય તે હકીકત સંબંધે પ્રતિવાદી નં.૩ ના એ આપવામાં આવેલ જજમેન્ટમાં અને વિવરણમાં કોઈ ઉલ્લેખ કરેલો નથી. કાયદાની જોગવાઈ મુજબ પક્ષકારો તરફથી જે આધાર પુરાવા રજુ કરવામાં આવે અને જે રજુઆત થાય તે સંબંધે કાયદા અને હકીકતના મુદા અંગે માનવા અને ન માનવા સંબંધે વિગતવાર કારણો સાથ જજમેન્ટમાં ઉલ્લેખ કરવામાં આવવો જોઈએ, પરંતુ પ્રતિવાદી નં.૩ નાએ આ

સંબંધે આપવામાં આવેલ જજમેન્ટમાં કોઈ વિવરણ કરેલ નથી. જેથી પણ આપવામાં આવેલ હુકમ કાનુની રીતે ટકી શકે તેમ નથી અને રદ થવા પાત્ર છે.

ઉપરોકત તમામ હકીકતે સદરહું રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ તથા કુવો જેનો કબ્જો ભોગવટો કાયદેસર રીતે અમારી પાસે આવેલ છે. આજે પણ અમારી પાસે રહેણાક મકાન તથા ઢોર બાંધવાનું ઢારીયુ તથા કુવાનો કબ્જો ભોગવટો આવેલ છે. જેથી આ કામના પ્રતિવાદી નં. ૩ દ્વારા આપવામાં આવેલ હુકમ અનુસંધાને કોઈ કાર્યવાહી કરશે તો અમોને ભયંકર પ્રકારની મુશ્કેલીઓ અને અગવડતા ઉભી થશે અને અમારા કાયદેસરના હકક–અધિકાર ઉપર તરાપ માર્યા જેવુ થશે અને અમોને પૈસામાં પુરી ન શકાય તેવું નુકસાન થશે. જેથી પ્રતિવાદીઓની આ રીતની પ્રવૃતિ તજ–વીજ અટકાવવી ખુબ જ જરૂરી, અરજન્ટ અને ન્યાયનાં હીતમાં છે.તેથી હાલનો દાવો દાખલ કરેલ છે અને વચગાળાનો મનાઇ હુકમ માંગેલ છે.

(૦૨) સદર દાવાને રેગ્યુલર દિવાની મુકદમાં તરીકે રજીસ્ટરે કરી પ્રતિવાદીઓને સમન્સ કરતાં પ્રતિવાદીઓ પોતાના વિ. વ. શ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૧૭ થી જવાબ આપી તકરાર કરેલ છે કે, વાદીએ દાવો ખોટી રીતે દાખલ કરેલ છે અને પોતે સરકારી જમીન પર દબાણ કરેલ છે. તેથી, વાદીઓ દાવો ટકવા પાત્ર ન હોય રદ કરવા અરજ કરેલ છે.

(૦૩) વાદીએ પોતાની અરજીનાં સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

<u>દસ્તાવેજી પુરાવો :–</u>

ક્રમ	દસ્તાવેજની વિગત	માર્ક
૦૧	મામ. કચેરી તરફથી પેશકદમી કેસ નં. ૬/૨૦૨૪ ના કામમા થયેલ હુકમની ખરી નકલ	૬/૧
૦૨	પેશકદમી કેસ નં. ૬/૨૦૨૪ ન એલ.એન. ડી. ફોર્મ નં. ૩ ની ખરી નકલ.	૬/૨
૦૩	પેશકદમી કેસ નં. ૬/૨૦૨૪ ના કામમા થયેલ પંચરોજકામની ખરી નકલ	૬/૩
૦૪	પેશકદમી કેસ નં. ૬/૨૦૨૪ ના કામમા થયેલ કબુલાતની ખરી નકલ	૬/૪
૦૫	વાદીના આધારકાર્ડની ખરી નકલ	૬/૫
૦૬	વાદીના રાશનકાર્ડની ખરી નકલ	૬/૬
૦૭	વાદીની ખેતીની જમીનની જુની ૮ અ ની નકલ.	૬/૭
૦૮	વાદીની ખેતીની જમીનની નવી (પ્રમોલગેશન બાદની) ૭/૧૨, ની નકલ	૬/૮
૦૯	વાદીની ખેતીની જમીનની ઉતરોતર ૬ નંબરની નકલ	૬/૯
૧૦	વાદીની ઘટતી ખેતીની જમીનની રી–માપણી અંગે ડી.આઈ.એલ.આર. કચેરી સમક્ષ કરેલ અરજીની ખરી નકલ	૬/૧૦

૧૧	વાદીની જમીનના ગામ નમુના નં.૭ ની પ્રમોલગેશન પહેલાની નકલ.	૨૪/૧
૧૨	પ્રતિવાદીની જમીનના ગામ નમુના નં.૭ ની પ્રમોલગેશન પહેલાની નકલ.	૨૪/૨
૧૩	પ્રતિવાદીની જમીનના ગામ નમુના નં.૭ ની પ્રમોલગેશન બાદની નકલ.	૨૪/૩

(૩.૧) પ્રતિવાદીએ પોતાના જવાબનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

<u>દસ્તાવેજી પુરાવો :–</u>

ક્રમ	દસ્તાવેજની વિગત	માર્ક
૦૧	સર્કલ ઓફીસર રૂબરૂ આપેલ કબુલાત	૧૮/૧

(૦૪) ઉપરોકત પ્લીડીંગનાં આધારે હાલની મનાઇ હુકમની અરજીના ન્યાયીક નિકાલ કરવા માટે અત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબ મુદદા ઉપસ્થિત થાય છે.

<u>મુદા :–</u>

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, જો મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીને પૈસાથી ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન જાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૦૫) ઉપરોકત મુદાઓના નીચે મુજબ જવાબ આપવામાં આવે છે.

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) નકારમાં
(૪) આખરી હુકમ મુજબ.

(૦૬) દલીલ :–

<u>વાદીના વિ. વ. શ્રી ની દલીલ :–</u>

વાદીના વિ. વ. શ્રી એ દલીલ કરેલ છે કે, વાદી દાવાવાળી મિલકતનાં માલીક મુખત્યાર છે. જે પ્રતિવાદીએ આપેલ માર્ક ૬/૧ ની નોટીસ તથા માર્ક ૬/૮ થી સ્પષ્ટ ફલીત થાય છે. વાદીના વિ. વ. શ્રીએ વધુ દલીલ કરેલ છે કે, વધુ માર્ક ૨૪/૧ ધ્યાને લેતાં, દાવાવાળી જમીનનો મુળ સર્વે નં.૧૭૨ હતો અને તેનું ક્ષેત્રફળ ૩-૪-૫૩ હતો જે ૨-૯૫-૪૦ થઇ ગયેલ છે. આમ, જમીન સરકારશ્રીએ ખોટી રીતે લઇ લીધેલ છે. સદર જમીનમાં વાદીનું મકાન તેમજ કુવો આવેલ છે. જેમા વાદી રહે છે. આમ, જો મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદી રહેણાંક મકાન / મિલકત વગરના થઇ જાય. તેથી, વાદીનો પ્રથમ દર્શશીય કે છે તેમજ બેલેન્સ ઓફ કન્વીન્યન્સ વાદીના લાભમાં છે. વાદીના વિ. વ. શ્રીએ વધુ દલીલ કરેલ છે કે, વાદીની જમીનની બાજુમાં પ્રતિવાદીઓની સરકારશ્રીની જમીન સર્વે નંબર ૧૭૩ નવો સર્વે નં.૮૨૬ આવેલ છે. પ્રમોલેગેશન પહેલા સરકારશ્રીની જમીનનું ક્ષે.૦-૧૦-૧૨ હે. આરે. હતું અને પ્રમોલેગેશન બાદ નવો સર્વે નંબર ૮૨૬ પડેલ છે.જેનું ક્ષેત્રફળ ૦૦-૩૫-૨૬ થયેલ છે. આમ, વાદીની જમીન સરકારશ્રીની જમીનમાં ભળી ગયેલ છે. જે બતાવવા વાદીએ માર્ક ૨૪/૨ પર આધાર રાખેલ છે. આમ, સ્પષ્ટ રીતે વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે અને માર્ક ૬/૧ વાળા હુકમ અંગે મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીને પોતાને રહેણાંક મકાનથી વંચીત રહેવુ પડે અને વાદીને પૈસાથી ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન થાય. તેથી મનાઇ હુકમની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

<u>પ્રતિવાદીના વિ. વ. શ્રી ની દલીલ :-</u>

પ્રતિવાદીના વિ. વ. શ્રી એ દલીલ કરેલ છે કે, વાદી દાવાવાળી મિલકતના માલીક હોય તે બતાવવા વાદીએ કોઇ આધાર પુરાવો રજુ રાખેલ નથી. વાદીએ પોતે માર્ક ૧૮/૧ થી કબુલાત આપેલ છે કે તેઓએ છેલ્લા ૩૦ વર્ષથી દબાણ કરેલ છે. આમ, વાદીનો કોઇ પ્રથમ દર્શનીય કેસ છે નહી.

વધુ પ્રતિવાદીઓના વિ. વ. શ્રી એ દલીલ કરેલ છે કે, વાદીએ પ્રમોલોગેશન પ્રક્રિયા પડકારેલ નથી. તેથી હવે હાલનો દાવો ટકવા પાત્ર નથી. તેથી હાલની અરજી ના-મંજુર કરવા અરજ કરેલ છે.

(૦૭) કારણો :-

ઉપરોકત મુદાઓના કારણો આપતા પહેલા નિર્વિવાદીત હકીકતો ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

નિર્વિવાદીત હકીકતો :-

(૧) વાદીએ પ્રમોલોગેશન / રી-સર્વેની પ્રક્રિયા પડકારેલ નથી.

(૨) રી-સર્વે ૨૦૧૬ ની સાલમાં થયેલ હતું (માર્ક ૬/૯)

(૩) વાદીએ પોતે દબાણ કરેલ હોવાની કબુલાત આપેલ છે. (માર્ક ૬/૪ = ૧૮/૧)

(૪) વાદીએ આ કબુલાત ધાકધમકીથી કરાવવામાં આવેલ હોય તેવુ લેશમાત્ર દાવા અરજીમાં કથન કરેલ નથી.

(૫) વાદીએ મામલતદાર કોર્ટનો હુકમ માર્ક ૬/૧ ઉપલા અધિકારી રૂબરૂ પડકારેલ નથી.

ઉપરોકત નિર્વિવાદીત હકીકત ધ્યાને લઇને મુદાઓની ચર્ચા કરવી ન્યાયોચિત છે.

(૧) મુદા નં.-૧ એવું સુચવે છે કે, શું વાદી પુરવાર કરે છે કે, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

સદર મુદદાનો નિર્ણય આપતા પહેલા જો દાવા અરજીની દાદ ધ્યાને લેવામાં આવે તો પેશ કદમી કેસ નં.૬/૨૪ ના હુકમને પડકારેલ છે. સદર હુકમ મામલતદાર સાહેબે ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ ૧૮૭૯ ની કલમ-૬૧ મુજબ આપેલ છે અને હાલના તબકકે સદર કાયદાની કલમ-૧૨ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

GUJARAT LAND REVENUE CODE, 1879

SECTION 12: **The Mamlatdar, his appointment**

The chief officer entrusted with the local revenue administration of a taluka shall be called a Mamlatdar. He shall be appointed by the State Government. His duties and powers.-His duties and powers shall be such as may be expressly imposed or conferred upon him by this Act or by any other law for the time being in force, or as may be imposed upon or delegated to him by the Collector under the general or special orders of the State Government. 14

[**A decision or order of a Mamlatdar in performance of the duties and exercise of the powers, imposed or conferred upon him or delegated to him under this section, shall be subject to the provisions of Chapter XIII**.]

આમ, કલમ–૧૨ ધ્યાને લેવામાં આવે તો મામલતદારનો હુકમ ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ ૧૮૭૯ ના ચેપ્ટર ૧૩ ના શરતના આધીન છે અને તેથી ચેપ્ટરમાં આવેલ કલમ–૨૦૩ ટાંકવી જરૂરી બને જે નીચે મુજબ છે.

GUJARAT LAND REVENUE CODE, 1879

SECTION 203: **Appeal to lie from any order passed by revenue officer to his superior**

In the absence of any express provision of this Act, or of any law for the time being in force to the contrary, an appeal shall lie from any decision or order passed by a revenue officer under this Act or any other law for the time being in force to that officer's immediate superior, whether such decision or order may itself have been passed on appeal from a subordinate officer's decision or order or not.

આમ, કલમ–૨૦૩ મુજબ મામલતદાર સાહેબનો હુકમ તેમના ઉપલા અધિકારી રૂબરૂ અપીલ દવારા ચેલેન્જ થઇ શકતો હોય ત્યારે હાલના વચગાળાના તબકકે વાદીનો કેસ પ્રથમ દર્શનીય માનીને વાદીને દાદ આપી શકાય નહી. વધુ જો માર્ક ૬/૪ = ૧૮/૧ નો દસ્તાવેજ ધ્યાને લેવામાં આવે તો વાદીએ પોતે દબાણ કરેલ હોવાની કબુલાત આપેલ છે. આમ, જયારે વાદી પોતે દાવાવાળી મિલકતમાં દબાણ કરવાનું જણાવતા હોય ત્યારે તે જ દાવાવાળી મિલકત માટે તેનો પ્રથમ દર્શનીય કેસ માની શકાય નહી. વાદીએ પોતાની માર્ક ૬/૪ = ૧૮/૧ ની કબુલાત ગેરકાયદેસર લીધેલ હોય કે દાબમાં લીધેલ હોય તેવું લેશમાત્ર કથન પોતાની દાવાઅરજીમાં કરેલ નથી. તેથી જયારે વાદીએ પોતે દબાણ કરેલ હોય તો વાદીનો પ્રથમ દર્શનીય કેસ માની શકાય નહી. તેથી મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

મુદા નં.–ર, મુદા નં.–ર એવું સુચવે છે કે, શું વાદી પુરવાર કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

વાદીએ પોતે દબાણ કર્યાની કબુલાત માર્ક ૬/૪ તથા ૧૮/૧ થી આપેલ છે. આમ, બેલેન્સ ઓફ કન્વીન્યન્સ વાદી જેને દબાણ કરેલ છે તેના લાભમાં માની શકાય નહી. વાદીનાં કથન મુજબ દાવાવાળી મિલકત પર તેમનું મકાન તથા વીજ કનેકશન આવેલ છે પણ વાદીએ વીજ કનેકશન સંબંધે કોઇ લાઇટબીલ રજુ રાખેલ નથી. તેથી દાવાવાળી મિલકતમાં કોઇ મકાન આવેલ હોય તે માની શકાય નહી. જયારે મકાન જ વાદી પુરવાર કરી શકેલ ન હોય ત્યારે બેલેન્સ ઓફ કન્વીન્યન્સ વાદીના લાભમાં માની શકાય નહી.

વધુ માર્ક ૬/૯ નો દસ્તાવેજ ધ્યાને લઇએ તો રી–સર્વે ૨૦૧૬ ની સાલમાં થયેલ છે અને તેનું પ્રમોલેગેશન કરીને તેનું રેકર્ડ ૨૦૧૭ માં તૈયાર કરવામાં આવેલ છે. આમ, ૨૦૧૭ ની સાલથી રી–સર્વેમાં વાદીની જમીન કપાતમાં ગયેલ હોવાનું માનવાને કારણ છે તેમ છતાં વાદીએ રી–સર્વની પ્રક્રિયા અંગે કોઇ કાર્યવાહી કરેલ નથી તેથી જયારે રી–સર્વે થયેલ હોય ત્યારે હવે વાદીની દલીલ કે તેમની જમીન કપાઇ ગયેલ છે તે ટકવા પાત્ર નથી. વાદીના દાવાને લીમીટેશન એકટ ૧૯૬૩ તથા ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ ૧૮૭૯ ની જોગવાઇનો બાધ નડે છે. અમા, જયારે વાદી પોતે દબાણદાર હોવાનું વાદી માર્ક ૬/૪ થી કબુલ રાખતા હોય અને દાવાવાળી મિલકતમાં મકાન હોય જેમા વીજ કનેકશન હોય તેવું બતાવવા કોઇ લાઇટબીલ કે વેરા બીલ રજુ રાખતા ન હોય ત્યારે વાદીનું બેલેન્સ ઓફ કન્વીન્યન્સ માની શકાય નહી. તેથી મુદા નં.–ર નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

મુદા નં.–૩ એવું સુચવે છે કે, શું વાદી પુરવાર કરે છે જો મનાઇ હુકમ ન આપવામાં આવે તો વાદીને પૈસાથી ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન જાય તેમ છે ?

જયારે વાદી પોતે દબાણદાર હોવાનું કબુલ રાખતા હોય તેમજ રી–સર્વેની પ્રક્રિયા આજદિન સુધી પડકારે ન હોય તથા દાવાવાળી મિલકતમાં તેમનું મકાન બતાવવા તેઓ કોઇ લાઇટબીલ કે વેરા બીલ પણ રજુ રાખેલ ન હોય ત્યારે વાદીને કોઈ નુકશાન જાય તેવું માની શકાય નહી. તેથી મુદા નં.–૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

વાદીના વિ. વ.શ્રી ની દલીલ અંગે વાદીએ મામલતદાર સાહેબનો માર્ક ૬/૧ મુજબનો હુકમ ગુજરાત રેવન્યુ કોડ ૧૮૭૯ ની કલમ–૨૦૩ મુજબ તેમની સુપીરીયર ઓથોરીટી રૂબરૂ પડકારેલ ન હોય ત્યારે તેમજ રી–સર્વેને પણ આજદિન સુધી પડકારેલ ન હોય અને પોતાનું મકાન હોવા અંગે કોઇ લાઇટ બીલ કે વેરા પાવતી રજુ રાખેલ ન હોય ત્યારે વાદીની દલીલ ખારીજ કરી મુદદા નં.–૪ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–:: <u>હુકમ</u> ::–

વાદીની આંક–૫ ની અરજી ના–મંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

આજરોજ તા.૨૯ મી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. વંથલી.
તા.૨૯/૦૫/૨૦૨૬

(એલ. આઇ. ઇંગલે)
એડી. સીની. સીવીલ જજ, વંથલી.
(જજ કોડ નં.જીજે૦૧૩૭૨)